# CHANGING TIDES: વિશેષ સારાંશ

*એશિયન અમેરિકન અને મૂળ હવાયન/પેસિફિક આઈલૅન્ડર (AA અને NHPI) સમુદાયોમાં આરોગ્યના સામાજિક નિશ્ચાયકોનું સ્ક્રીનિંગ*

Change InSight એ દેશના એશિયન અમેરિકન, મૂળ હવાયન અને પેસિફિક આઈલૅન્ડર સમુદાયોના સામાજિક જોખમો અને જરૂરિયાતોનું દસ્તાવેજીકરણ કરતું સૌપ્રથમ સમુદાય-સંચાલિત ડેટા પ્લૅટફૉર્મ છે.[1] Change InSight આ ડેટા વડે AA અને NHPI સમુદાયોને નીતિનિયામકો, ભંડોળ આપનારી અને અન્ય સમુદાય સંસ્થાઓ તરફથી જે સહાયની જરૂર છે તે પૂરી પાડીને આરોગ્ય સંબંધિત અસમાનતાઓ પર જીત હાંસલ કરવા માટે આ સમુદાયોને સમજવાનો અને તેમને સશક્ત બનાવવાનો હેતુ સેવે છે.

*Changing Tides*, પ્રારંભિક Change InSight અહેવાલ સમગ્ર શિકાગોલૅન્ડમાં ચીની, એશિયાઈ ભારતીય, પાકિસ્તાની, કોરિયન અને ફિલિપિનો જેવા પાંચ AA અને NHPI સમુદાયોમાં જોખમની પ્રોફાઈલની રૂપરેખા આપે છે અને સહિયારી તથા વિશેષ એમ બન્ને પ્રકારની જરૂરિયાતોની જાણકારી આપે છે. આ ડેટા સંસ્થાઓ માટે નીતિ ઘડવા, વાજબી ભંડોળ સુરક્ષિત કરવા અને તેમના સમુદાયોની જરૂરિયાતોને વધુ સીધી રીતે સંબોધતા કાર્યક્રમો બનાવવા માટેની આધારરેખા પૂરી પાડે છે.

અનુગામી વાર્ષિક અહેવાલોમાં સમગ્ર યુ.એસમાં AA અને NHPI સમુદાયોની સામાજિક જરૂરિયાતોના ડેટાનો સમાવેશ કરવામાં આવશે. આ ડેટાનું મેપિંગ સંસ્થાઓને દરેક સમુદાયને કઈ પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે તેની ઊંડી સમજણથી સજ્જ કરે છે અને વ્યક્તિઓને તેઓ જ્યાં છે ત્યાં વિકસવા માટે સક્ષમ બનાવે છે.

## સમસ્યાનું વિધાન

AA અને NHPI ના વ્યક્તિઓ યુનાઈટેડ સ્ટેટ્સમાં સૌથી ઝડપથી વિકસતા વંશીય અથવા વંશીય જૂથનું પ્રતિનિધિત્વ કરે છે પણ ઘણા લાંબા સમયથી આ સમુદાયોને એક મોનોલિથિક જૂથ (ઉદાહરણ તરીકે "એશિયન" અથવા "એશિયન અમેરિકન") તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યા છે. આ વ્યક્તિગત સમુદાયોની વિવિધ જરૂરિયાતોને ઢાંકી દે છે, જે અસમાનતા પેદા કરે છે, હાનિકારક રૂઢિવાદોને ઉત્તેજના આપે છે અને વ્યક્તિઓને વિકાસ માટે જરૂરી સમર્થન મેળવવામાંથી બાકાત રાખે છે. જ્યારે અમુક સમુદાયો રહી જાય છે, ત્યારે તેની અસર બધા પર પડે છે.

આજે, ફેડરલ ડેટાસેટ્સ આ જૂથોને એકત્ર કરવાનું ચાલુ રાખે છે, જે છેવટે યુ.એસમાં 50 થી વધુ AA અને NHPI સમુદાયોનું અસ્તિત્વ ઓછું થવા તરફ દોરી જાય છે. આ ડેટાને અલગ પાડવામાં સાંપડેલી નિષ્ફળતાના પરિણામે સાંસ્કૃતિક રીતે યોગ્ય હસ્તક્ષેપોની ભયંકર અછત ઊભી થઈ છે: યુ.એસમાં ધર્માદા સંસ્થાઓ દ્વારા અનુદાનમાં આપવામાં આવેલ દરેક $100 માંથી માત્ર 20 સેન્ટ AA અને NHPI સમુદાયોને જાય છે.[2] આ પ્રકારનું વર્ગીકરણ ચોક્કસ સમુદાયની ખાસ જરૂરિયાતોને કેવી રીતે સંબોધિત કરવી તે અંગેનું સ્પષ્ટ ચિત્ર પ્રદાન કરે છે, જેનાથી બધા માટે તક અને વૃદ્ધિને પ્રોત્સાહન મળે છે.

## ઉકેલ

આજે સમય છે કંઈક કરવાનો. Change InSight લોકોના સ્વાસ્થ્ય પરિણામો અને સુખાકારીમાં મોટી ભૂમિકા ભજવતા આરોગ્યના સામાજિક નિશ્ચાયકો (SDOH) જેવા કે લોકોના વસવાટ, કામ કરવાની, રમવાની અને પૂજા કરવાની જગ્યા પર ધ્યાન કેન્દ્રિત કરીને ડેટા સંગ્રહમાં ક્રાંતિ લાવી રહ્યું છે.


---

[1] આ પ્રકાશનમાં "સમુદાયો" એટલે પ્રાથમિક રીતે "વંશીયતા" અથવા "વંશીય પેટાજૂથો".

[2] Kan, Lyle Matthew. "Seeking to Soar: Foundation Funding for Asian American and Pacific Islander Communities." Asian Americans/Pacific Islanders in Philanthropy. 2021.

યુ.એસના અડધાથી વધુ આરોગ્ય કેન્દ્રો દ્વારા ઉપયોગમાં લેવાતા રાષ્ટ્રીય સ્તરે માન્ય અને હિસ્સેદાર-સંચાલિત SDOH સ્ક્રિનિંગ સાધન PRAPARE® નો ઉપયોગ કરીને,[3] Change InSight દ્વારા એક પ્રારંભિક અહેવાલને વિકસાવવા માટે શિકાગોલેન્ડની સમુદાય-આધારિત છ સંસ્થાઓ સાથે ભાગીદારી કરવામાં આવી હતી.


1 એપ્રિલ અને 24 જૂન, 2022 ની વચ્ચે Change InSight ભાગીદારોએ પ્રત્યેક સંસ્થામાં સેવા આપતા 16 વિશિષ્ટ સમુદાયોનું પ્રતિનિધિત્વ કરતા શિકાગો વિસ્તારના 2,244 AA અને NHPI વ્યક્તિઓ પાસેથી SDOH ડેટા એકત્રિત કર્યો છે. આ અહેવાલમાંના ટોચના પાંચ સમુદાયોમાં, સમગ્ર નમૂનાના 91%, જેમાં ચીની, એશિયાઈ ભારતીય, કોરિયન, ફિલિપિનો અને પાકિસ્તાનીનો સમાવેશ થાય છે. જ્યાં પ્રત્યેક જૂથના કેટલાક સહિયારા જોખમો હોય છે, ત્યાં જ પ્રત્યેક જૂથ આ જોખમોને અલગ રીતે અનુભવે છે, જે તેમની વ્યક્તિગત જોખમ પ્રોફાઇલમાં પ્રતિબિંબિત થયા અનુસાર હોય છે.





Change InSight સંસ્થાઓ અને સમુદાયોને તેમની જરૂરિયાતો અને ચિંતાઓને વધુ વ્યાપક રીતે શેર કરવા માટે અસરકારક રીતે પ્લૅટફૉર્મ પ્રદાન કરીને કર્મચારીઓ અને ક્લાયન્ટ વચ્ચે મજબૂત સંબંધો ઊભા કરવા માટે ડેટા એકત્રીકરણની સહાનુભૂતિપૂર્ણ પૂછપરછ પદ્ધતિનો ઉપયોગ કરે છે.

## પરિણામો


જોખમ પ્રોફાઇલ Change InSight ભાગીદારોને તેઓ સેવા આપતા સમુદાયોને અસર કરતા મુખ્ય જોખમોને સરળતાથી ઓળખવાની રીત પ્રદાન કરે છે. ટોચના પાંચ વંશીય જૂથો વચ્ચે ચાર જોખમી પરિબળો શેર કરવામાં આવ્યા હતા: મર્યાદિત અંગ્રેજી કૌશલ્ય, ઓછું સામાજિક એકીકરણ, વધેલો તણાવ અને ફેડરલ ગરીબી માર્ગદર્શિકામાં જણાવ્યા કરતા ઓછી આવક





અન્ય જરૂરિયાતો ફક્ત અમુક સમુદાયોની જોખમ પ્રોફાઇલ માટે વિશિષ્ટ હતી. ઉદાહરણ તરીકે, પ્રત્યુત્તર આપનારા 66% ફિલિપિનો લોકોએ પાછલા વર્ષમાં અપૂર્ણ તબીબી સંભાળની જરૂરિયાતો નોંધાવી હતી, જ્યારે પ્રત્યુત્તર આપનારા 27% ચીની લોકોએ સૂચવ્યું હતું કે તેમની પાસે અસ્થિર આવાસ છે. પ્રત્યુત્તર આપનારા એશિયાઈ ભારતીય લોકોએ બેરોજગારીને ટોચની જરૂરિયાત તરીકે વ્યક્ત કરી હતી, જ્યારે કોરિયન અને પાકિસ્તાની સહભાગીઓની ઓળખ ઓછું શિક્ષણ પ્રાપ્ત કરનારા તરીકે કરવામાં આવી હતી.




જોખમ પ્રોફાઇલ સંસ્થાઓને ચોક્કસ જરૂરિયાતોને સંબોધવા માટે મર્યાદિત સંસાધનોને કેવી રીતે વધારવું તે સમજવામાં મદદ કરી શકે છે. મર્યાદિત અંગ્રેજી કૌશલ્ય ધરાવતા પ્રત્યુત્તર આપનારાઓ "સમાવેશી બનાવવામાં" વારંવાર મુશ્કેલી અનુભવે છે, જે ઉચ્ચ ગુણવત્તાની આરોગ્ય સંભાળ અથવા શૈક્ષણિક તકોને ઍક્સેસ કરવાની તેમની ક્ષમતાને પણ અસર કરી શકે છે. ઓછું સામાજિક એકીકરણ તણાવ,




[3] HRSA Uniform Data System (UDS). (2021). National Health Center Program Uniform Data System (UDS) Awardee Data. Health Resources & Services Administration. https://data.hrsa.gov/tools/data-reporting/program-data/national/table?tableName=EHR&year=2021 પરથી મેળવેલ

હતાશા અને ચિંતા તર ફ  લઈ જઈ શકે છે. ગરીબીમાં જીવવું એ શૈક્ષણિક અને આરોગ્ય સંભાળની તકોને મર્યાદિત કરવાથી માંડીને ખોરાકની ઍક્સેસ ઘટાડવા અને આયુષ્યમાં ઘટાડો કરવા સુધીના જીવનના અનેક તબક્કામાં જોખમો વધારવામાં યોગદાન આપી શકે છે[4].

[4] Healthy People 2030. (2022). Poverty. Office of Disease Prevention and Health Promotion. https://health.gov/healthypeople/priority-areas/social-determinants-health/literature-summaries/poverty પરથી મેળવેલ

# ભલામણો

આ અહેવાલમાંનો ડેટા AA અને NHPI સમુદાયોની કેટલીક વહેંચાયેલી અને અન્ય ભિન્ન વાસ્તવિકતાઓ દર્શાવે છે. આ ભલામણો સામુદાયિક હિસ્સેદારો માટે કામચલાઉ માળખું છે પણ તે કોઈપણ રીતે વ્યૂહાત્મક સહયોગ, સમુદાય જોડાણ અને વિચારશીલ નેતૃત્વનો વિકલ્પ નથી.

***સહિયારા જોખમો સહિયારા ઉકેલો માટેની તક  પ્રદાન કરે છે***

AA અને NHPI સમુદાયોમાં સામાન્ય એવા ભાષાની મર્યાદિત સુલભતા જેવા ટોચના જોખમોને ઘણી રીતે સંબોધિત કરી શકાય છે. સામુદાયિક સંસ્થાઓ, સ્વાસ્થ્ય સારસંભાળ સેવા પ્રદાતાઓ, વ્યવસાય માલિકો, નાગરિક અને સામાજિક નેતાઓ દ્વારા ભાષાની સુલભતાને પ્રાધાન્ય આપવાથી AA અને NHPI સમુદાયોમાં ભાષાના મુખ્ય અવરોધો દૂર થશે. ભાષાંતરિત સામગ્રી, ભાષાકીય રીતે સક્ષમ સેવા કર્મચારીઓ અને દ્વિભાષી કર્મચારીઓ માટે તાલીમ કાર્યક્રમોની ઍક્સેસ વધારવાથી બહુવિધ ક્ષેત્રોમાં અસમાનતા ઘટશે.

***સુધારેલા સ્વાસ્થ્ય માટે આર્થિક ગતિશીલતા મહત્વપૂર્ણ છે***

ફેડરલ અને સમુદાય-આધારિત કાર્યક્રમોનો લાભ ઉઠાવો જે નાના વ્યવસાયોને સશક્ત બનાવે છે, કર્મચારીઓના વિકાસને પ્રોત્સાહન આપે છે, સામાજિક સેવાઓની ઍક્સેસમાં વધારો કરે છે અને સ્થાનિક વ્યવસાયો અને શાળાઓ સાથે રોકાણની તકોનો વિસ્તાર કરે છે. ઉદાહરણ તરીકે, સરકારી અને બિનલાભકારી નેતાઓ AA અને NHPI-માલિકીના વ્યવસાયોને વૃદ્ધિ માટે બહુવિધ માર્ગો પ્રદાન કરતા ટકાઉ ભંડોળના વિકલ્પો શોધી શકે છે.

***તણાવ ઘટાડવાથી ઘણા બધા સ્વાસ્થ્ય સંબંધિત જોખમો ઓછા થાય છે***

સાંસ્કૃતિક અને ભાષાકીય રીતે સક્ષમ સ્વાસ્થ્ય સારસંભાળ પ્રદાતાઓને એકીકૃત કરવા એ વર્તણૂકીય આરોગ્ય સેવાઓ માટે એક સર્વગ્રાહી, વ્યક્તિગત અભિગમ પ્રદાન કરવા માટે મહત્વપૂર્ણ છે જે વ્યક્તિગત તબીબી સેવાઓ અને સમર્થન ઓફર કરતી વખતે કલંક ઘટાડે છે. સાર્વજનિક અને ખાનગી ભંડોળ આપનારાઓ પાસે જાગરૂકતા વધારીને અને સામાજિક નવીનતાઓને ઉત્તેજના આપવા માટે તેમના પ્લૅટફૉર્મનો ઉપયોગ કરીને આ પહેલોને સમર્થન કરવાની તક  છે.

***સામાજિક એકીકરણ માટે વધુ તકો પૂરી પાડવાથી સામાજિક અલગતાનું જોખમ ઓછું થાય છે***

સામાજિક  સેવા પ્રદાતાઓ, સામુદાયિક કેન્દ્રો અને સ્થાનિક નેતાઓએ સામાજિકકરણ માટે એક સર્વસમાવેશક અભિગમ કેળવવો જોઈએ જેમાં ટેક્નોલોજી, શિક્ષણ, શારીરિક અને માનસિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે જેથી સમુદાયમાં સહાયક જૂથો દ્વારા સામાજિક સંકલન વધે. સામુદાયિક સ્થળો, વરિષ્ઠ કેન્દ્રો અને સહાયક જૂથો સભ્યોમાં સામાજિકકરણ વધારે છે.

Change InSight દ્વારા ડેટા જાહેર કરાયો હોવા છતાં પણ, ડેટાના અભાવે હજુ પણ ન કહેવાયેલી વાતો અને પડકારો છુપાયેલા છે. બધી બાબતોને આવરી લેવા માટે, ઓછું પ્રતિનિધિત્વ ધરાવતા સમુદાયોની જરૂરિયાતો અને અનુભવોનું દસ્તાવેજીકરણ કરવા માટે સંશોધકોએ સાંસ્કૃતિક રીતે યોગ્ય, નૈતિક રીતે સખ્ત અને સમાવિષ્ટ પદ્ધતિઓને ઓળખવી જોઈએ.

**સ્વીકૃતિઓ**

Change InSight સહયોગકર્તાઓ—અપના ઘર , ધ સાઉથ એશિયન અમેરિકન પૉલિસી ઍન્ડ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (SAAPRI), ધ ઇન્ડો-અમેરિકન સેન્ટર (IAC), ધ અલાયન્સ ઑફ ફિલિપિનો ફૉર ઇમિગ્રેશન રાઇટ્સ ઍન્ડ એમ્પાવર્મેન્ટ (AFIRE), ધ હૅનુલ ફૅમિલી અલાયન્સ અને ધ ચાઇનીઝ અમેરિકન સર્વિસ લીગ (CASL)—SDOH સર્વેક્ષણો હાથ ધરીને આ પહેલને શક્ય બનાવવા બદલ પ્રતિબદ્ધ ક્મચારીઓને ધન્યવાદ આપે છે. આ પ્રકાશન [જુલિયન ગ્રેસ ફાઉન્ડેશન]() અને વ્યક્તિગત દાતાઓની ઉદાર સહાયતા દ્વારા પ્રાયોજિત છે. આ પહેલમાંથી મેળવેલા પ્રતિસાદો, ડેટા અને શીખનો ઉપયોગ ડેટા આધારિત નિર્ણય-નિર્માણ અને નીતિ ઘડતર દ્વારા આગામી વર્ષોમાં AA અને NHPI સમુદાયોની સુખાકારી સુધારવા માટે કરવામાં આવશે.

આ અહેવાલના ડ્રાફ્ટની સમીક્ષા કરવા માટે સમય કાઢનારી વ્યક્તિઓ અને હોથોર્ન સ્ટ્રેટેજી ગ્રુપનો તેમના ઇનપુટ માટે સાદર આભાર. અમે એવા લોકોના હૃદયપૂર્વક આભારી છીએ જેમણે તેમના અનુભવો, આશાઓ અને ક્ષમતાઓ અમારી સાથે શેર કરવાનું પસંદ કર્યું. આપનો આભાર.